For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કપરાડામાં 112 ઈંચ

# જુલાઈમાં જ સીઝનનો 100% વરસાદ

**હજુ** તો જુલાઇ પત્યો પણ નથી ત્યારે ઉમરગામમાં 102 તો નાનાપોંઢામાં 90.68 ઇંચ વરસાદ નોંધાઇ ચૂક્યો

**દક્ષિણ** ગુજરાત વરસાદથી ભરપૂર જ્યારે કચ્છ, દ્વારકા, પોરબંદર અને જામનગરમાં વરસાદની ઘટ



ગાંધીનગર, સુરત : વરસાદે આ સિઝનમાં ખૂબ જ રાહ જોવડાવી હતી પરંતુ જુલાઈ મહિનામાં વરસાદે જે બેટિંગ કરી છે તેનાથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. કપરાડામાં તો 112 ઈંચ જેટલો વરસાદ પડી ચૂક્યો છે તો બીજી તરફ ઉમરગામમાં પણ વરસાદે સેન્ચુરી મારી દીધી છે. અહીં 102 ઈંચ જ્યારે નાનાપોંઢામાં 90.68 ઈંચ વરસાદ પડી ચૂક્યો છે.

વલસાડ, નવસારી અને ડાંગમાં મોસમી સરેરાશના 70 ટકાથી વધુ વરસાદ, જ્યારે દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જામનગરમાં હજુ પણ વરસાદની મોટી ઘટ જોવા મળી રહી છે. રાજ્યમાં ચાલુ ચોમાસા દરમિયાન 26 જુલાઈ, 2026 સુધીમાં સરેરાશ 489.84 મી.મી. વરસાદ નોંધાયો છે, જે છેલ્લા 30 વર્ષના સરેરાશ મોસમી વરસાદ 908.90 મી.મી.ની સરખામણીએ 53.89 ટકા છે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક જિલ્લાઓમાં હજુ પણ વરસાદની નોંધપાત્ર ઘટ જોવા મળી રહી છે.

આજે સાંજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જારી કરવામાં આવેલા ડેટા મુજબ , નવસારી જિલ્લામાં મોસમી સરેરાશના 97.78 ટકા વરસાદ સાથે રાજ્યમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. તેની પાછળ વલસાડમાં 95.36 ટકા, સુરતમાં 81.16 ટકા અને ડાંગમાં 72.81 ટકા વરસાદ નોંધાયો છે. અમદાવાદ જિલ્લામાં 69.44 ટકા, તાપીમાં 62.90 ટકા, અમરેલીમાં 62.40 ટકા અને ખેડામાં 60.80 ટકા વરસાદ નોંધાયો છે.

બીજી તરફ અનેક જિલ્લાઓમાં વરસાદની સ્થિતિ હજુ નબળી છે. દેવભૂમિ દ્વારકામાં માત્ર 4.19 ટકા, પોરબંદરમાં 15.88 ટકા, કચ્છમાં 18.89 ટકા, જામનગરમાં 21.19 ટકા, છોટાઉદેપુરમાં 22.60 ટકા અને દાહોદમાં 23.38 ટકા વરસાદ નોંધાતા આ વિસ્તારોમાં હજુ વધુ વરસાદની જરૂરિયાત છે.

મધ્ય ગુજરાતના વડોદરા જિલ્લામાં 37.92 ટકા, રાજકોટમાં 36.82 ટકા, નર્મદામાં 42.16 ટકા, ગીર સોમનાથમાં 43.92 ટકા, મોરબીમાં 44.03 ટકા, ગાંધીનગરમાં 46.39 ટકા, મહીસાગરમાં 46.24 ટકા, મહેસાણામાં 47.01 ટકા અને પંચમહાલમાં 47.85 ટકા વરસાદ નોંધાયો છે. આંકડા દર્શાવે છે કે દક્ષિણ ગુજરાતમાં ચોમાસું મજબૂત

અનુસંધાન પાના ૯ પર

**ભરુચ જિલ્લો**

| | |
|---|---|
| આમોદ | 7.12 |
| અંકલેશ્વર | 22.28 |
| ભરુચ | 13.28 |
| હાંસોટ | 23.40 |
| જંબુસર | 8.36 |
| ઝગડિયા2 | 17.20 |
| વાગરા | 16.76 |
| વાલિયા | 21.32 |

**તાપી જિલ્લો**

| | |
|---|---|
| નિઝર | 7.32 |
| સોનગઢ | 39.04 |
| ઉચ્છલ | 13.84 |
| વાલોડ | 61.36 |
| વ્યારા | 54.16 |
| ડોલવણ | 72.48 |
| કુકરમુંડા | 8 |
| ઉકાઇ | 36.40 |

**સુરત જિલ્લો**

| | |
|---|---|
| અંબિકા | 74.16 |
| અરેઠ | 25.64 |
| બારડોલી | 56.48 |
| ચોર્યાસી | 28.08 |
| કામરેજ | 61.92 |
| મહુવા | 56.12 |
| માંડવી | 27.20 |
| માંગરોળ | 31.88 |
| ઓલપાડ | 36.84 |
| પલસાણા | 71.88 |
| ઉમરપાડા | 65.44 |
| સુરત સિટી | 54.44 |

**નવસારી જિલ્લો**

| | |
|---|---|
| ચીખલી | 87.32 |
| ગણદેવી | 68.88 |
| જલાલપોર | 59.08 |
| ખેરગામ | 90.48 |
| નવસારી | 64.84 |
| વાંસદા | 74.40 |

**વલસાડ જિલ્લો**

| | |
|---|---|
| ધરમપુર | 73.60 |
| કપરાડા | 112.64 |
| નાનાપોંઢા | 90.68 |
| પારડી | 88.68 |
| ઉમરગામ | 102.76 |
| વલસાડ | 84.92 |
| વાપી | 76.64 |

**ડાંગ જિલ્લો**

| | |
|---|---|
| આહવા | 65.00 |
| સુબિર | 57.76 |
| વઘઇ | 77.32 |



પશુઓને તો બાંધીને રાખવામાં આવે જ છે

# સુરતમાં હવે કારને દોરડાથી બાંધીને રાખવાનું શરૂ થયું

**ગમે** ત્યારે ધસમસતા પાણીમાં કાર નહીં તણાઇ તે માટે 60 રૂપિયાનું દોરડું



સુરતઃ સુરતમાં જ્યારે પણ ખાડીપૂરની સમસ્યા સર્જાય છે, ત્યારે રસ્તાઓ જળમગ્ન બની જાય છે અને કાંઠાના વિસ્તારોમાં પાર્ક કરેલાં વાહનો તણાવાનો કે ભારે નુકસાન થવાનો ડર સતત રહે છે. સુરત મનપાનાં પ્રી-મોન્સૂન કામગીરીના પોકળ દાવાઓ વચ્ચે હવે સુરતીઓએ પોતાનો જીવ અને સંપત્તિ બચાવવા માટે તંત્ર પરનો ભરોસો છોડી દીધો છે. 'ભગવાન ભરોસે...ના ના, હવે તો દોરડા ભરોસે!' આ જ સ્થિતિ અત્યારે સુરતના ડુંભાલ વિસ્તારમાં જોવા મળી રહી છે.

સુરતીઓ પોતાની અનોખી સૂઝબૂઝ અને 'જુગાડ' માટે આખા વિશ્વમાં જાણીતા છે. ખાડીપૂરમાં લાખો રૂપિયાની મોંઘીદાટ કાર પાણીના તેજ વહેણમાં તણાઈ ન જાય તે માટે ડુંભાલના સ્થાનિકોએ એક અનોખો જુગાડ શોધી કાઢ્યો છે. માત્ર 60 રૂપિયાનું મજબૂત દોરડું ખરીદીને લોકો પોતાની લાખોની કિંમતની કારને નજીકના વીજળીના થાંભલા, ગ્રીલ કે મકાનના મજબૂત પિલર સાથે બાંધી રહ્યા છે. સુરતી લોચો અને ઘારી પછી સુરતીઓનો આ નવો 'દોરડા જુગાડ' સોશિયલ મીડિયા પર ભારે વાઇરલ થઈ રહ્યો છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, મનપાના તંત્ર પર હવે કોઈ ભરોસો રહ્યો નથી. દર વર્ષે ખાડીના પાણી ઘરોમાં અને રસ્તાઓ પર ફરી વળે છે. પાણીના ભારે પ્રવાહમાં કાર તણાઈ જાય તો લાખો રૂપિયાનું પાનીચું થઈ જાય. એના કરતાં માત્ર 60 રૂપિયાનું દોરડું લાવીને કારને થાંભલા સાથે બાંધી દેવી વધારે સુરક્ષિત છે. મનપા કરતાં તો અમને અમારા આ દેશી જુગાડ પર વધારે ભરોસો છે!

દરેક મુશ્કેલીમાં રસ્તો શોધી લેવાની સુરતીઓની આ અનોખી અદા ભલે લોકોને હસાવતી હોય કે વાઇરલ થતી હોય, પણ એની પાછળ મનપા તંત્રની નિષ્ફળતા

અનુસંધાન પાના ૯ પર

પાલિકાએ કમિટી બનાવવાના નાટક બંધ કરી દેવા જોઇએ

# પાલિકાની ડીસ્પોઝલ સાઈટે જ ચાર ગામને ડૂબાડી દીધા

**કુદરતી** વહેણ છે ત્યાં જ પાલિકા 450 કરોડના ખર્ચે ડમ્પિંગ સાઇટ બનાવી રહી છે

**ઉબેર**, પાલી, કનસાડ તલંગપુર સહિતના લોકો ગટરનું પાણી બેક મારતા મુશ્કેલીમાં મુકાયા

**ગામે દર વર્ષે ડુબવાનું હોય તેવો વિકાસ શું કામનો? નવીનભાઈ (ઉબેર ગામ)**



શહેરનો કચરો અમારા માથે નાખવા માટે મનપાએ અમારા ગામનો જળનિકાલ બંધ કરી દીધો છે. આજે પણ ઉબેરમાં 8થી 10 ફૂટ પાણી ભરાયેલું છે. ઘરોમાં પાણી ઘૂસે છે, પશુઓ મુશ્કેલીમાં છે અને ખેડૂતોનો પાક બરબાદ થઈ ગયો છે. વિકાસના નામે જો ગામોને દર વર્ષે ડૂબાડવામાં આવે તો એવો વિકાસ શુ કામનો એવો સવાલ ઉઠાવતા તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

સુરત : એક તરફ શહેરની વિકરાળ બની ગયેલી ખાડીપૂરની સમસ્યાને દૂર કરવા માટે સુરત મહાનગર પાલિકા જુદી જુદી કમિટી બનવાવી રહી છે. ત્યારે પાલિકાની ડિસ્પોઝલ સાઈટને લીધે જ કુદરતી વહેણ અટકી જતાં ચાર જેટલા ગામો ડૂબી ગયા છે. મહાનગરપાલિકા શહેરમાંથી દરરોજ નીકળતા હજારો ટન ઘન કચરાના વૈજ્ઞાનિક નિકાલ માટે મિંઢોળા નદીના કિનારે આવેલા ઉબેર ગામ નજીક અંદાજે 450 કરોડના ખર્ચે નવી સોલિડ વેસ્ટ ડિસ્પોઝલ સાઈટ વિકસાવી રહી છે. મનપાએ ડિસેમ્બર-2026 અથવા જાન્યુઆરી-2027 સુધી આ પ્રોજેક્ટ કાર્યરત કરવાનો લક્ષ્યાંક જાહેર કર્યો

અનુસંધાન પાના ૯ પર

**ગામોના પાણીનું કુદતરી વહેણ ડીસ્પોઝલ સાઇટે અવરોધ્યુ : તેજસભાઇ (તલંગપુર)**



ડમ્પસાઇટ બન્યા પછી વરસાદી પાણી અને ગટરનું પાણી બહાર નીકળતું જ નથી. ગટર લાઇન બેક મારે છે અને સચીન GIDCનું પાણી પણ ગામમાં ફરી વળે છે. શેરડી અને ડાંગરના પાકને ભારે નુકસાન થયું છે. મનપાએ શહેરને બચાવવા ગામોને ડૂબાડવાનું બંધ કરવું જોઈએ અને કુદરતી જળમાર્ગો તાત્કાલિક ખુલ્લા કરવા જોઈએ.

# ડેડિયાપાડામાં તણાઈ જવાથી ૩ વર્ષીય બાળકીનું મોત

**ઓલપાડમાં** સેના ખાડીમાંથી DGVCLના કર્મચારીનો મૃતદેહ મળી આવ્યો

સુરતઃ ઓલપાડ તાલુકાના બાવા ફળિયા પાસે આવેલી સેના ખાડીમાં તણાઈ ગયેલા ડીજીવીએલ (DGVCL)ના કર્મચારીનો મૃતદેહ એસડીઆરએફ (SDRF)ની ટીમે સતત શોધખોળ બાદ બીજા દિવસે સવારે બહાર કાઢ્યો હતો. જ્યારે ડેડિયાપાડાના વાડવા ગામે કોતરના નાળામાં પાણીના પ્રવાહમાં તણાઈ જવાથી ત્રણ વર્ષની બાળકીનું મોત નીપજ્યું હતું. પ્રથમ ઘટનામાં ગત

અનુસંધાન પાના ૯ પર

**સારોલી-કુંભારિયામાં વરસાદી પાણીમાં ડૂબી જવાથી શ્રમિકનું મોત, ચાર દિવસમાં પાંચનાં મોત**

સુરતઃ શહેર અને આસપાસના વિસ્તારોમાં સતત વરસી રહેલા વરસાદ વચ્ચે સારોલી-કુંભારિયા ગામમાં વાડીએ કામ પર જવા નીકળેલા 39 વર્ષીય શ્રમિકનું વરસાદી પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું. ઘટનાના બીજા દિવસે કુંભારિયા ગામની ખાડી કિનારેથી કાદવમાં ફસાયેલો તેમનો

અનુસંધાન પાના ૯ પર




**ક્ષત્રિય દુ:ખદ અવસાન**

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ભાઈશ્રી/ પિતાશ્રી/ દાદાશ્રી સ્વ. નરેશચંદ્ર ચીમનલાલ રાંદેરીઆ તા.૨૬/૦૭/૨૦૨૬ને રવિવારના રોજ દેવલોક પામ્યા છે.

સદ્ગતનું બેસણું તારીખ : ૨૮/૦૭/૨૦૨૬, મંગળવાર ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે

સ્થળ : પાંજરાપોળ ટ્રસ્ટ, ભરતીયા એજ્યુકેશનલ કેમ્પસ (B.A.P.H.), ઘોડદોડ રોડ, સુરત.

ગં.સ્વ. મંજુલાબેન નરેશચંદ્ર રાંદેરીઆ

સ્વ. જયંતિલાલ ચીમનલાલ રાંદેરીઆ | સ્વ. પ્રમોદચંદ્ર ચીમનલાલ રાંદેરીઆ
મહેન્દ્ર ચીમનલાલ રાંદેરીઆ | સંજય નરેશચંદ્ર રાંદેરીઆ
કિશન સંજય રાંદેરીઆ | શિલ્પા સંજય રાંદેરીઆ
કૃતિ કિશન રાંદેરીઆ | પુજા સંજય રાંદેરીઆ

સમસ્ત ચીમનલાલ નાથુભાઈ રાંદેરીઆ પરિવાર

નરેશચંદ્ર ચીમનલાલ રાંદેરીઆ
સ્વ. તા. ૨૬/૦૭/૨૦૨૬, અષાઢ સુદ બારસ, રવિવાર



**દુ:ખદ અવસાન બેસણું**

દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ/પિતા શ્રી હસમુખભાઈ ઈશ્વરભાઈ પટેલનું તાઃ ૨૬-૦૭-૨૦૨૬ રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સોમવારે તા. ૨૭-૦૭-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ. ગં.સ્વ. મધુબેન હસમુખભાઈ પટેલ(પત્ની)

દિગેન હસમુખભાઈ પટેલ(પુત્ર) | ધવલભાઈ કનુભાઈ પટેલ
રણજીતભાઈ ઈશ્વરભાઈ પટેલ | રમેશભાઈ બાલુભાઈ પટેલ
કિશોરભાઈ ઈશ્વરભાઈ પટેલ | ભીખુભાઈ છીમકાભાઈ પટેલ
રિતેશભાઈ અરવિંદભાઈ પટેલ | તથા સમસ્ત પરિવાર

બેસણાનું સ્થળ : ખેડવાયા સ્ટ્રીટ, નવા મગદલ્લા, સુરત

સ્વ. હસમુખભાઈ ઈશ્વરભાઈ પટેલ
સ્વ.તાઃ ૨૬-૦૭-૨૦૨૬



**પ્રથમ પુણ્યતિથિએ સ્નેહભરી શ્રદ્ધાંજલિ**

થાક ચહેરા પર હતો પણ
અમારી ખુશી માટે અનહદ મહેનત કરતા જોયા છે.
આંખમાં ઊંઘ હતી, પણ ચિંતામાં જાગતા જોયા છે.
તકલીફો વચ્ચે હિંમત હાર્યા વગર લડતા જોયા છે.
પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે.
પોતાની પસંદગી છોડી અમારી અપનાવતા જોયા છે.
એક વ્યકિત, અનેક વિશેષતાઓ પિતા સ્વરૂપે સર્જનહાર જોયા છે.

લિ. ગં. સ્વ. તારાબેન ભરતભાઈ પટેલ
માર્ટિન ભરતભાઈ પટેલ (પુત્ર)
રૂપલ તુષારભાઈ પટેલ (પુત્રી)
હિરલ નીરવભાઈ પટેલ (પુત્રી)
કાજલ વિરલભાઈ પટેલ (પુત્રી)
દાદુનાં લાડકા - આશવી, હેરીના, યથાર્થ, જિશાન

સ્વ. ભરતભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. તા. ૨૭/૦૭/૨૦૨૫
ગામ : ભેંસાણ

**अनंत स्मरण**



સ્વ. મયુરીબેન વિક્રમભાઈ રાઠોડ
સ્વ. તા. ૨૭/૭/૨૦૨૦

મયુરી, તુ શું ગઈ જીવનની બધી જ અભિવૃદ્ધિ જાણે તારી સાથે ચાલી ગઈ, હા પણ દરેક પારિવારિક મિલનમાં પ્રસંગોમાં તારી શૈલીની સોડમ જરૂર અનુભવાય છે, તુ અમારી દેવ પ્રાર્થનામાં પણ હંમેશ શ્વસે છે એ જ અમારી અંજલિ...

લિ.
સ્વ. ગોપાલભાઈ ઝવેરભાઈ રાઠોડ
સ્વ. મંગલાબેન ગોપાલભાઈ રાઠોડ
વિક્રમ ગોપાલભાઈ રાઠોડ • હર્ષ વિક્રમ રાઠોડ
જેની રાકેશ દાવડા (USA) • રેશ્મા જીતેન્દ્ર પરમાર (સુરત)
શિલ્પા યોગેશ પરમાર (USA) તથા રાઠોડ પરિવાર, બારડોલી

**હાર્દિક શ્રધ્ધાંજલિ**



સ્વ. સુભાષભાઈ બાબુભાઈ પટેલ
સ્વ.તાઃ ૨૩-૦૭-૨૦૨૬

એક ચહેરો જે દષ્ટિમાંથી ભુલાઈ નહીં, એક વ્યકિતત્વ જે કયારેય ભુલાઈ નહીં, એક હૂંફ જે હવે કયારેય મળશે નહીં, જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે છે અને ફૂલ બની આસપાસ મહેકયા કરે છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. સ્વ. આહુતિકુમારી મહેશભાઈ પટેલ

મહેશભાઈ બાબુભાઈ પટેલ | સુશીલાબેન મહેશભાઈ પટેલ
પિનલભાઈ ઈશ્વરભાઈ પટેલ | મિનલ પિનલભાઈ પટેલ
પ્રિયાંશ મહેશભાઈ પટેલ | પાર્થિની પ્રિયાંશ પટેલ

સર્મથ સાંઈ ગ્રુપ

**ભાવભીની શ્રધ્ધાંજલિ**



સ્વ.સુભાષભાઈ બાબુભાઈ પટેલ (પાંચીયા) સ્વ.તા. ૨૩/૦૭/૨૦૨૬

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવક : ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષિયતિ મારૂત : ॥
આત્મા અવિચલ અને શાશ્વત છે, ના એને શસ્ત્ર ના જળ ભીંજવી શકે છે કેના પવન સૂકવી શકે છે. આત્મા અમર છે

ગં.સ્વ. ડાહીબેન ગીજુભાઈ પટેલ | ઈશ્વરભાઈ છગનભાઈ પટેલ
સ્વ. રાજેશભાઈ ગીજુભાઈ પટેલ | કિરીટભાઈ ગીજુભાઈ પટેલ
કમલેશભાઈ ઘનસુખભાઈ પટેલ | પંકજભાઈ ગીજુભાઈ પટેલ
પીનલ ઈશ્વરભાઈ પટેલ | અજયભાઈ ઘનસુખભાઈ પટેલ
અક્ષય રાજેશભાઈ પટેલ | દિપ રાજેશભાઈ પટેલ

સી. બી. પટેલ પરિવાર

**ભાવભીની શ્રધ્ધાંજલિ**



સ્વ. રાધાબેન ગોપાળજી ઉમરીગર
સ્વ.તા.૦૩/૦૩/૧૯૯૭

સ્વ. ગોપાળજી પી. ઉમરીગર
ઉમરીગર સ્કુલના સ્થાપક
સ્વ.તા.૨૭/૦૭/૧૯૯૩

જીવનમાં કુટુંબના દરેક ડગલે-પગલે, દુનિયામાં સમાજના દરેક શુભ-અશુભ પ્રસંગે જેઓ પરિવારના સદા પથદર્શક બન્યા. તમે આપેલ સરળ જીવન, ઉચ્ચ વિચાર, ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યો, પ્રામાણિક વ્યવહાર અને નિષ્કપટ વાણીના વારસાને અમે સદાય આત્મસાત્ કરતાં રહીશું.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.
પ્રફુલભાઈ ગોપાળજી ઉમરીગર | સુલય બીપીનભાઈ ઉમરીગર
પ્રવિણભાઈ ગોપાળજી ઉમરીગર | દિનેશભાઈ ગોપાળજી ઉમરીગર
નવીનભાઈ ગોપાળજી ઉમરીગર | શૈલેષભાઈ ગોપાળજી ઉમરીગર

તથા સમસ્ત ગોપાળભુવન પરિવાર
ઉમરા, સુરત.

**ૐ દુઃખદ અવસાન- બેસણું ૐ**



સ્વ. શ્રીમતી ચંદ્રિકા દેવી ભગવતી પ્રસાદ રાજપૂત
સ્વ.તા. 26/07/2026

દિલગીરી સહ જણાવવાનું કે શ્રીમતી ચંદ્રિકા દેવી ભગવતી પ્રસાદ રાજપૂત નું દુઃખદ અવસાન તા. 26/07/2026 ના રોજ થયું છે, પ્રભુ તેમની આત્મા ને શાંતિ આપે.

સદગતનું બેસણું

તા. 27/07/2026 ના રોજ સવારે 10.00 થી 12.00 કલાકે રાખેલ છે.
બેસણાનું સ્થળઃ અલથાણ S.M.C. કમ્યુનિટી હોલ, સોહમ સર્કલનાં પાસે, કૈનાલ રોડ, ભટાર, સુરત

શોકાકુલ રાજપૂત પરિવાર

જિલેદાર ભાઈ રાજપૂત, ધનસુખભાઈ રાજપૂત, સ્વર્ગીય મહેશભાઈ રાજપૂત, ઓમપ્રકાશભાઈ રાજપૂત, સ્વર્ગીય જયપ્રકાશભાઈ રાજપૂત, બબલુભાઈ રાજપૂત (વિજયપ્રકાશ રાજપૂત), હિતેશ રાજપૂત, સંદીપ રાજપૂત, હિરેન રાજપૂત, તપન રાજપૂત, કુશલ રાજપૂત, જય રાજપૂત, અનુજ રાજપૂત, ઋષિકેશ રાજપૂત, કપીશ રાજપૂત, સાગર રાજપૂત અને

સમસ્ત રાજપૂત પરિવાર

**શ્રધ્ધાંજલી**



સ્વ.કિશોર એ. મહેતા (સિનિયર એડવોકેટ)
સ્વર્ગસ્થ તારીખ- ૨૫/૦૭/૨૦૨૬ (નૈરોબી-કેન્યા)

પરીવાર જેનું મંદિર હતુ, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી. ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુકયા નહી. પરિવાર માટે ફુલો પાથરી ગયા, એવા દિવ્યા આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...

:: લિ. ::
કિશોરી કિશોરભાઈ મહેતા (પત્ની)

હીરેન મહેતા (પુત્ર) | હેમલ હીરેન મહેતા (પુત્રવધુ)
બીના કોઠારી (પુત્રી) | દિપક કોઠારી (જમાઈ)
રીના શાહ (પુત્રી) | સુનીલ શાહ (જમાઈ)

પૌત્ર-પૌત્રી- ક્ષિતીજ, રોહન, કલ્પા, બંસરી, શૈલ, દેવ
પૌત્ર વધુ - ધારા, ખુશ્બુ - પર પૌત્ર - ધીર

**હાર્દિક ભાવભરી શ્રદ્ધાંજલિ**



સ્વ. સુભાષભાઈ બાબુભાઈ પટેલ (પાંચીયા)
સ્વ. તા. ૨૩/૦૭/૨૦૨૬

અમારા દોસ્તના ભાઈ અને પરોક્ષ રીતે અમારા પણ દોસ્ત એવાં સુભાષભાઈ બાબુભાઈ પટેલના અણધાર્યા અવસાનનું જાણી અમે ભારે આઘાતની લાગણી અનુભવી રહ્યાં છીએ.
આપનું દાનવીર કર્ણ જેવું જીવન અને ઉચ્ચ પારિવારીક લાગણી તેમજ આપના જીવન ઝરમર વિષે મિત્ર વર્તુળમાં થતી ચર્ચા જાણીને એક ઉમદા વ્યકિતત્વની પૃથ્વી પરથી વિદાય થવાથી અમારૂં હૃદય ખુબ વ્યથિત છે.
પરિવાર અને મિત્રમંડળને આ આઘાત સહન કરવાની ઈશ્વર શકિત આપે.
પરમ કૃપાળુ પરમાત્મા લક્ષ ચોર્યાસીના ફેરામાંથી આપને મુકિત આપે અને આપની આત્માને મોક્ષ પ્રાપ્ત થાય તેજ અભ્યર્થના...

લિ.
દીપક ધીરૂભાઈ ઈજારદાર | ધ્યેય દીપકભાઈ ઈજારદાર

'ભક્તિધામ', સુલતાનાબાદ, ડુમસ, સુરત.

**TRIBUT**



Late Shri Kishor A.Mehta (Sr. Advocate)
Date Of Passing :- 25/7/2026

Our souls are hardened of pain on hearing of the sudden demise of Our Mentor. A legal luminary, you have taught generations of lawyers how to argue in court through your infectious energy in court. We have lost an amazing Personality, a great Teacher, and one of the best Speakers we have ever seen. We personally have lost Our Guru, Our Mentor, and a great human being. We fall short of words to express our grief on the sad demise of our beloved Kishor A. Mehta Sir. We will miss those days where you would sit with us in the court and give guidance regarding anything and everything. We pray to God for your soul rests in peace. We wish your family immense strength and peace in life. You will always be remembered for your honesty, ethics and knowledge sir. You'll forever live on in our memories. No one can fill your place in our lives.

(Advocates)

Bharat M. Patel | Jignesh B. Tailor
Rajesh D.Tailor | Radha J. Tailor
Dipavali A.Patel | Mansi N.Tailor
Anil C. Tailor